# VIKASHIT BHARAT SAPTAAH 2025

Bhaktkavi Narsinh Mehta University – Junagadh, Cultural Officer's Office and M. M. Ghodasara Mahila Arts and Commerce College run by Patel Kelvni Mandal organized a seminar on 07-10-2025 as part of the celebration of "Vikas Saptaah-2025". Under the theme to create awareness among the students regarding topics like Developed India, Self-reliant India, Clean India and Adopt Swadeshi and to make the dream of India of 2047 as seen by the Prime Minister come true, BKNMU Vice Chancellor, Dr. Pratapsinh Chauhan gave an inspiring and guiding lecture in a very effective style and the college professor Dr. Dinesh Dadhaniya welcomed all the guests and dignitaries and said that we should start the initiative to make India self-reliant by adopting Swadeshi. On this occasion, Taluka Develpoment Officer Shri R.V. Thakor sir, District Youth Development Officer Shri Nitaben Vala, Pandit Deendayal Upadhyay, Parvatarohal training Center Officer Shri Upendrasinh Rathod University Coordinator Om Joshi and Rahulbhai were also present in the seminar. The entire seminar was organized under the guidance of the principal Dr. Dinesh Dadhaniya and the NSS unit program officer Dr. Kaviben Zala.










# જુનાગઢની ઘોડાસરા કોલેજ દ્વારા વિકાસ સપ્તાહ અંતર્ગત સેમિનાર યોજાયો

**(સાગર સોલંકી દ્વારા)**

જુનાગઢ તા.૯

ભકતકવિ નરસિંહ મહેતા યુનિ. જુનાગઢ, સાંસ્કૃતિક અધિકારીની કચેરી અને જુનાગઢના પટેલ કેળવણી મંડળ સંચાલિત એમ. એમ. ઘોડાસરા મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજનાં સંયુકત ઉપક્રમે વિકાસ સપ્તાહ ૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે તા.૭/૧૦ના રોજ એક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપર્યુકત થીમ અંતર્ગત વિકસીત ભારત, આત્મનિર્ભર ભારત, સ્વચ્છ ભારત અને સ્વદેશી અપનાવો જેવા વિષય સંદર્ભે વિદ્યાર્થીનીઓમાં જાગૃતિ આવે અને પ્રધાનમંત્રીએ જોયેલ ૨૦૪૭ના ભારતનું સ્વપ્ન સાકાર થાય એ માટે ભકતકવિ નરસિંહ મહેતા યુનિ.ના કુલપતી પ્રા.ડો. પ્રતાપસિંહ ચૌહાણે ખૂબ જ અસરકારક શૈલીમાં પ્રેરણાત્મક અને માર્ગદર્શક વ્યાખ્યાન આપ્યું હતું.



તથા કોલેજના પ્રિ.ડો. દિનેશભાઈ ડઢાણીયાએ મહેમાનો અને મહાનુભાવોને આવકાર આપી સ્વદેશી અપનાવી ભારતને આત્મનિર્ભર બનાવવાની પહેલ આપણે આપણાથી જ શરૂ કરીએ એમ જણાવ્યું હતું આ તકે તાલુકા વિકાસ અધિકારી આર.વી. ઠાકોર, જીલ્લા યુવા વિકાસ અધિકારી નીતાબેન વાળા, પંડીત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીક કેન્દ્રના અધિકારી ઉપેન્દ્રસિંહ રાઠોડ, યુનિ.ના કો.ઓર્ડીનેટર પ્રિ.ડો.દિનેશભાઈના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવેલ હતો. સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા અને સુચારૂ સંચાલન એનએસએસ પ્રોગ્રામ ઓફીસર પ્રા.ડો. કવિબેન ઝાલાએ કર્યુ હતું. આ કાર્યક્રમના આયોજન બદલ પટેલ કેળવણી મંડળના મેનેજીંગ ટ્રસ્ટી કાંતીભાઈ ફળદુ, સવજીભાઈ મેનપરા, કોલેજ ઈ. રતિભાઈ ભુવા અને ટ્રસ્ટી મંડળે શુભેચ્છા પાઠવી હતી.

# જૂનાગઢ ઘોડાસરા કોલેજમાં સફાઈ અભિયાન કરાયું

## યુનિવર્સિટીના કુલપતિ અને વિદ્યાર્થિનીઓ સ્વચ્છતા અભિયાનમાં જોડાયા

**આજકાલ પ્રતિનિધિ**
**જૂનાગઢ**



(તસવીર : શૈલેષ પારેખ-જૂનાગઢ)

જૂનાગઢ એમ એમ ઘોડાસરા મહિલા કોલેજમાં સ્વચ્છ ભારત અભિયાન હેઠળ સ્વચ્છતા અભિયાન યોજાયું હતું. જેમાં નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ ડો. પ્રતાપસિંહ ચૌહાણ પણ ખાસ જોડાયા હતાં અને તેઓ દ્વારા પણ વિદ્યાર્થીનીઓ સાથે સફાઈ કરી હતી.યુનિવર્સિટીના કુલપતિ પ્રતાપસિંહજી ચૌહાણએ જણાવ્યું હતું કે પ્લાસ્ટિક અને પ્રદૂષણ મુક્ત ભારત બને તે દિશામાં વિદ્યાર્થિનીઓને સ્વચ્છ શરીર, સ્વચ્છ મન સ્વચ્છ ઘર સ્વચ્છ આંગણું, સ્વચ્છ ફળિયું, સ્વચ્છ ગામ, સ્વચ્છ શહેર તો સ્વચ્છ દેશ આ ઉદ્દેશ્ય સાથે સ્વચ્છ હવા અને સ્વચ્છ આકાશ હોય તો જીવન જીવવાની કેવી મજા આવે જાણે કે પૃથ્વી પર જાણે કે સ્વર્ગ જ ઉતરી આવ્યું હોય તેવું લાગે જેથી જીવનમાં હંમેશા શરીરની સ્વચ્છતા ની જેમ આંગણું પણ સ્વચ્છ રાખવું જોઈએ. વિદ્યાર્થિનીઓ સ્વચ્છતા અભિયાનમાં કુલપતિ સાથે જોડાઈ હતી અને, સફાઈના કાર્યક્રમમાં અન્ય લોકોને પણ પ્રેરિત કરવા જણાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ કોલેજના આચાર્ય ડો દિનેશભાઈ ડઢાણીયાના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

